**જેટી પર કાદવ-કચરાનું પુરાણ કરાતા 'કબર' બનાવી વિરોધ**

# ગણેશ વિસર્જનમાં તંત્રની લાપરવાહી

**વલસાડના ઔરંગા નદી બંદર પર છેલ્લા 15 વર્ષથી નવા બંદરના નિર્માણની માંગ છતાં વેઠ ઉતારાઇ**

**ગણેશ મંડળો અને આગેવાનોએ તંત્ર સામે ઉગ્ર આક્રોશ વ્યક્ત કર્યો**



વલસાડ : વલસાડની ઔરંગા નદી કિનારે આવેલા બંદર પર ગણેશ વિસર્જનની તૈયારીઓમાં વહીવટી તંત્ર અને નગરપાલિકાની ભારે લાપરવાહી સામે આવી છે.

વિસર્જન માટે જેટી પર મજબૂત અને પાકા મટીરિયલથી કામ કરવાને બદલે માત્ર કાદવ-કચરો અને કાડોક નાખીને પુરાણ કરી દેવાતાં ગણેશ મંડળોના આયોજકો અને સ્થાનિક આગેવાનોમાં ભારે રોષ વ્યાપ્યો છે. તંત્ર દ્વારા માત્ર દેખાડા પૂરતું અને અત્યંત નબળું કામ કરવામાં આવતાં તેના અનોખા વિરોધ સ્વરૂપે વિસર્જન સ્થળે જ નગરપાલિકા અને તંત્રની 'કબર' બનાવીને ઉગ્ર આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, છેલ્લા ૧૫ વર્ષથી અહીં 'નવા બંદર'ના નિર્માણ માટે સતત માંગણીઓ કરવામાં આવી રહી છે. આમ છતાં, પાલિકા કે વહીવટી તંત્ર દ્વારા આ બાબતે કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. વારંવારની રજૂઆતો છતાં આ વર્ષે પણ ગણેશ ઉત્સવ પૂર્વે સુચારુ વ્યવસ્થા કરવાને બદલે વેઠ ઉતારવામાં આવતાં ગણેશ મંડળના આયોજકો તેમજ તાલુકા પંચાયતના સભ્ય દ્વારા સ્થળ પર પહોંચીને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

### માત્ર કાગળ પર અને દેખાડા પૂરતી કામગીરી

"વલસાડના ગણેશ મંડળો અને શ્રદ્ધાળુઓ માટે આ બંદર વિસર્જનનું મુખ્ય સ્થળ છે. અહીં છેલ્લા ૧૫ વર્ષથી નવા બંદરના નિર્માણની માંગણી પેન્ડિંગ છે. પાલિકા અને તંત્ર માત્ર કાગળ પર અને દેખાડા પૂરતી કામગીરી કરીને જવાબદારીમાંથી છટકી જાય છે. વિસર્જનની જેટી પર પાકા મટીરિયલના બદલે કાદવ-કચરો પુરીને શ્રદ્ધાળુઓની સુરક્ષા સાથે ખિલવાડ કરવામાં આવ્યો છે, જે સહન કરી શકાય તેમ નથી. **રાજેશ પટેલ**

### આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનશે

"અમે અસંખ્ય વાર રજૂઆતો કરી હોવા છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી. ગણેશ વિસર્જન જેવા મોટા ધાર્મિક પ્રસંગે પણ જો આવી લાપરવાહી દાખવવામાં આવતી હોય તો આ તંત્ર તદ્દન નિષ્ક્રિય થઈ ચૂક્યું છે. તંત્ર અને નગરપાલિકાની આ ઘોર નિંદ્રા અને લાપરવાહી સામે અમે સાંકેતિક કબર બનાવીને અમારો આક્રોશ વ્યક્ત કર્યો છે. જો તાત્કાલિક ધોરણે પાકી કામગીરી કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનશે. **પ્રીતિ પટેલ (હનુમાન ભાગડા તાલુકા પંચાયત સભ્ય)**

# છાત્રાલયના વિદ્યાર્થીઓ પર ABVPના યુવાનોનો હુમલો

**પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે હોસ્ટેલમાં ઘસી જઈ હુમલો કરનાર 9 આરોપીઓની ધરપકડ**

ધરમપુર : ધરમપુરની વનરાજ કોલેજમાં મટકી ફોડવાની નજીવી બાબતે મોટી ધમાલ મચી પામી હતી.

બામટી લાલડુંગરીમાં આવેલી આદિજાતિ વિકાસ મંડળ સંચાલિત બાબા આંબેડકર છાત્રાલયમાં વિદ્યાર્થીઓ ઉપર એબીવીપીના યુવાનોએ હોકી તથા લાકડા પાઈપ વડે હુમલો કર્યો હતો. જેમાં હોસ્ટેલના પાંચ વિદ્યાર્થીઓને ઈજા પહોંચતા હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પોલીસે નવ આરોપીની ધરપકડ કરી હતી.

ધરમપુર વનરાજ કોલેજ બામટી લાલડુગરીમાં આવેલા છાત્રાલયમાં ઘસી જઈ એબીવીપીના વિદ્યાર્થીઓ 1. મનન પટેલ (રહે. બીલપુડી) 2. જયદીપ પવાર (રહે. તીસકરી) 3. રાજ ઓમ પ્રકાશ ખરવાલ (રહે. દશેરપારટી) 4. પ્રેમ માહલા (રહે. ધરમપુર ધોબી ધોવાણ) 5. હર્ષિલ ભીસારા (રહે. સમડીચોક) 6. મહંમદ ઝકી ઈમ્તિયાઝ શેખ (વડ ફ) 7. આયુષ પ્રજાપતિ, 8. જયદીપ શર્મા (રહે. માલનપાડા), 9. કીશ રહે. બામટી, 10. સાગર રતિલાલ ચૌધરી (તીસકરી), 11. વીરાગ પટેલ (રહે. શેરીમાલ), 12. રોહન પટેલ (રહે. વાકંલ), 13. હુઝેફા આરીફ સૈયદ (રહે. માલનપાડા) 14. હર્ષ ઠક્કર (ધોબી ધોવાણ) 15. રઝા યુનુસ શેખ, (રહે. માછીવાડ), 16. શોહીલ (રહે. આસુરા) તથા અન્યોએ હાથમાં પહેરવાનાં કડા તથા સ્ટમ્પ તેમજ લોખંડનાં પાઈપ વડે ફરિયાદી વિનય ગાવિતને ઈજા પહોંચાડી હતી જ્યારે 1. ઉમેશ વાઘ 2. નીતેશ ભોયા 3. સામેલ જાદવ 4. મેહુલ રાઉત 5. અમુલ ગુલાબને ગંભીર ઈજા પહોંચાડી હતી અને જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કર્યો હતો. આ અંગેની ફરિયાદ ધરમપુર પોલીસ મથકે વિનય ગાવિતે આપતાં વધુ તપાસ પોલીસ હાથ ધરી હતી.

### યુવાનોએ રેલી કાઢી પોલીસ મથક માથે લીધું

આ પ્રકરણમાં ધરમપુર કોલેજથી રાહુલ પટેલની આગેવાનીમાં કલ્પેશ પટેલ, ડો. નીરવ પટેલ તથા કમલેશ પટેલ, વિજય અટારા સહિતનાની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓએ ધરમપુર પોલીસ મથકનો ઘેરાવો કર્યો હતો અને આરોપીઓની ધરપકડ કરવાની માંગ સાથે રજુઆત કરી હતી. ધરમપુર પોલીસ મથકે મદદનીશ ડીવાયએસપી સંદીપ ટી તથા પીઆઇ નિખિલ ભોયાએ આરોપીઓની ધરપકડ કરવાની ખાતરી આપતાં મામલો થાળે પડ્યો હતો.

### નવ આરોપીઓ છ દિવસના રિમાન્ડ પર

ધરમપુરની વનરાજ કોલેજ બાબા આંબાડેકર હોસ્ટેલમાં મટકી ફોડવાની નજીવી બાબતે મારામારી પ્રકરણ પોલીસે નવ આરોપીઓને કોર્ટમાં રજુ કરતાં કોર્ટે આરોપીઓને છ દિવસના રિમાન્ડ આપ્યા છે. પોલીસે 307 કલમનો ઉમેરો કર્યો હતો બાદ આરોપીઓને જેલનાં સળીયા પાછળ ધકેલી દેવામાં આવ્યા હતાં.

## સંક્ષિપ્ત સમાચાર

### પારડીના કોલકમાં વેપારી સાથે 12.44 લાખ રૂપિયાની ઠગાઈ

પારડી : પારડી તાલુકાના કોલક ગામે કરિયાણાની દુકાન ચલાવતા રોહનભાઈ કેણી સાથે ૧૨.૪૪ લાખની છેતરપિંડી થઈ છે. કલ્સતરના બોગસ જમીન દલાલ વિમલ પટેલે અન્યની માલિકીનો પ્લોટ પોતાનો હોવાનું જણાવી ૧૮ લાખનો પ્લોટ ૧૨ લાખમાં નક્કી કર્યો હતો. આરોપીએ પારડી ખાતે નોટરી સમક્ષ એગ્રીમેન્ટ કરાવી અને માલમતદાર કચેરીમાં દસ્તાવેજના બહાને સહીઓ કરાવી ગુગલ-પે અને રોકડ મળી કુલ ૧૨,૪૪,૪૪૨ રૂપિયા પડાવી લીધા હતા. બાદમાં જમીન અન્ય વ્યક્તિની હોવાનું ખુલતા અને નાણાં પરત માંગતા આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે પારડી પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

### કરવડમાં યુવતીની છેડતી કરનાર 3 સામે પોલીસ ફરિયાદ

વાપી : વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ યુપી અને વાપી ડુંગરા પોલીસ મથક હદમાં રહેતી 20 વર્ષીય યુવતી રહે છે અને એક્સ્ટર્નલમાં ધો.12 ની પરીક્ષા આપવા માટે ફોર્મ ભરવા માટે કરવડ સ્થિત શાળામાં જઈ રહ્યા હતા તે સમયે (1) મોહમદ સાદાબ (2) બિસ્મિલ યાસીન શેખ અને (3) સલમાન ઈનામુલ્લા ખાન (તમામ રહે. કરવડ, સાંઈ આસ્થા સોસાયટી) આવેલા હતાં. બીસ્મિલ અને સલમાને કહ્યું કે, તુમ બહોત અચ્છી લગર રહી હો કહેતા તે ત્યાંથી જતી રહી હતી. જે બાદ ત્રણેય ઈસમોએ બાઈક પર બેસી પાછળ આવેલા અને મોહમદ સાદાબે પીઠના ભાગે હાથ ફેરવી છેડતી કરી હતી. આ બનાવ અંગેની જાણ યુવતીએ ઘરે જઈ વાલીને કરી હતી. જે બાદ વાપી ડુંગરા પોલીસ મથકમાં આ બનાવ અંગેની ફરિયાદ નોંધાવી હતી.

### પારડીના બગવાડામાં 15 વર્ષના કિશોરનો આપઘાત

પારડી : પારડી તાલુકાના બગવાડા ગામના બંગલા ફળિયામાં ૧૫ વર્ષના કિશોરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. અનિલભાઈ બબાના તુરી પરિવાર સાથે અહીં રહે છે અને જે.સી.બી. ડ્રાઇવિંગ કરી ગુજરાન ચલાવે છે. તેમનો મોટો પુત્ર અંકુર (ઉં.વ. ૧૫) વહેલી સવારે બાજુના રૂમમાં સૂતો હતો. માતા રાધિકાદેવી તેને જગાડવા ગયા ત્યારે તે રૂમની લોખંડની એંગલ સાથે ટુવાલ વડે ગળેફાંસો ખાધેલી હાલતમાં જણાયો હતો. પરિવારજનોએ પાડોશીની મદદથી તેને નીચે ઉતારી પારડીની મોહનદયાળ હોસ્પિટલ પહોંચાડ્યો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પારડી સીએચસી ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કિશોરે કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે હજુ અશક્ત અને અકબંધ રહસ્ય છે.

### નવસારીમાં એક જ દિવસે બે આપઘાતથી ચકચાર

નવસારી : નવસારી શહેરમાં અલગ-અલગ વિસ્તારોમાં ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવવાના બે બનાવ સામે આવતા ચકચાર મચી છે. જુનાથાણા વિસ્તારમાં ૫૪ વર્ષીય આધેડ અને રાયચંદ રોડ વિસ્તારમાં ૨૧ વર્ષીય યુવતીનું મોત થતાં પોલીસે બંને બનાવમાં અકસ્માત મોતની નોંધ કરી તપાસ શરૂ કરી છે. જુનાથાણા વિસ્તારમાં ઝુમરૂ ગેસ એજન્સી પાછળ રહેતા લલુભાઈ સોમાભાઈ દંતાણી ઘરના પાછળના વાડામાં બેભાન હાલતમાં મળી આવ્યા હતા. પરિવારજનો તેમને તાત્કાલિક સારવાર માટે પારસી હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં તબીબોએ મૃત જાહેર કર્યા હતા. પુત્રની જાહેરાતના આધારે પોલીસે નોંધ કરી પીએસઆઈ એમ.ડી. ગમારે તપાસ હાથ ધરી છે. બીજી ઘટના રાયચંદ રોડ પર મિશ્ર શાળા નં.૬ સામે ભાડાના મકાનમાં રહેતી ૨૧ વર્ષીય રૂપલ જીતુભાઈ મારવાડી મૃત હાલતમાં મળી આવી હતી. પિતાની જાણ બાદ ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને યુવતીને મૃત જાહેર કરી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ બંને બનાવોમાં પરિવારજનોના નિવેદનો, ઘટનાસ્થળની પરિસ્થિતિ અને અન્ય ઉપલબ્ધ વિગતોના આધારે તપાસ આગળ ધપાવી રહી છે.

### ઉમરગામમાં જુગાર રમતા ચાર પકડાયા

ઉમરગામ : ઉમરગામ પોલીસને બાતમી મળી હતી કે ઉમરગામ ટાઉન પેરમ ફળિયામાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો ગંજી પત્તાનો હાર જીતનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે શુક્રવારે 18:30 કલાકે પોલીસની ટીમે રેડ પાડી ચાર જેટલા ઈસમોને જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. અને દાવના રોકડા રૂપિયા 1880 તથા અંગઝડતીમાંથી મળી આવેલા રોકડા રૂપિયા 5450 મળી કુલ રૂપિયા 7,330 તથા જુગારના સાધનો પાના કબજે લઈ ઉમરગામ પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

### ચીખલી હાઇવે સર્વિસ રોડ પાસેથી અજાણ્યાની લાશ મળી

ઘેજ : ચીખલી નેશનલ હાઇવે ઓવરબ્રિજના સર્વિસ રોડ પાસે અજાણ્યા શખ્સની લાશ મળી આવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. એક અજાણ્યો પુરુષ શુક્રવારની સાંજના છ એક વાગ્યાના સમયે ચીખલીથી વલસાડ જતા ઓવરબ્રિજના સર્વિસ રોડ ઉપર પડી જવાથી માથાના ભાગે ગંભીર ઇજા થવાની મોત નીપજ્યું હતું. મરનાર પુરુષે શરીરે કાળા, કેસરિયા તથા સફેદ કલરની લાઇનિંગ વાળી ટી-શર્ટ તથા ગ્રે-કલરનું નાઇટ પેન્ટ પહેરેલો છે. બનાવ અંગેની ફરિયાદ મંગુભાઇ તલાવિયા (ઉ.વ-33) (રહે. સમરોલી કાળાપુલ) એ કરતા વધુ તપાસ ચીખલી પીએસઆઇ-આર.એન.વાડલે કરી રહ્યા છે.

# વાપીમાં ઘરવેરો નહીં ભરનારાના 17 ફ્લેટ સીલ કરી દેવાયા

**વેરો ન ભરતા 52 મિલકત માલિકોએ સ્થળ પર 13 લાખ ભર્યા**



ધર્મેશ પટેલ

વાપી : વાપી મહાનગરપાલિકાએ વર્ષોથી વેરો નહીં ભરતા ફ્લેટધારકો સામે કાર્યવાહી શરૂ કરતાં 52 મિલકત માલિકોએ સ્થળ પર જ રૂપિયા 13 લાખ ભરી દીધા હતાં. જ્યારે 17 ફ્લેટનો વેરો નહીં ભરાતા તેને સીલ મારવામાં આવ્યા હતા. મહાનગરપાલિકા કમિશનર એન. એફ. ચૌધરીએ આઠ-દસ વર્ષથી વેરો નહીં ભરતા ફ્લેટ માલિકોને છેલ્લી નોટીસ આપી હતી. જેના અનુસંધાને ટેક્સ વિભાગના હેડક્લાર્ક રાકેશ ઠક્કરની આગેવાનીમાં ઘરવેરા વિભાગની ટીમે વેરો ભરવામાં ઉદાસીન 69 ફ્લેટ માલિકોની રૂબરૂ મુલાકાત કરી નોટિસ આપી વેરો ભરાતો નહીં હોવાથી દર વર્ષે 12% વ્યાજ, નોટીસ ફી તથા દંડ અને જપ્તીની કાર્યવાહી થતી હોય વેરો ભરવા સમજાવ્યા હતાં. જેથી મંછારામ એપા., પરિશ્રમ એપા., શિવાલિક, રોયલ ડ્રીમ્સ વગેરેના મોટા બાકીદાર 52 ફ્લેટધારકોએ કાર્યવાહીથી બચવા સ્થળ પર જ ઓનલાઈન રૂપિયા 13 લાખ ભરી દીધા હતા. જ્યારે વેરો ભરવામાં બેદરકારી દાખવતાં અરિહંતમાં 4 ફ્લેટ, શ્રીરામ સોસા.માં 3 ફ્લેટ, અંબિકા પાર્કમાં 3 ફ્લેટ વગેરે એપા. ની 17 મિલકતો સીલ કરવામાં આવી હતી.

નાયબ કમિશનર કિરણસિંહ રણાએ મોટા બાકીદાર ફ્લેટ ધારકોને વેરો તાત્કાલિક ભરવા જણાવ્યું છે. વેરો નહીં ભરનારના ફ્લેટની હરાજીની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. તાજેતરમાં ઘણાં વર્ષોથી વેરો નહીં ભરતા વધુ 126 ફ્લેટધારકોને છેલ્લી નોટિસ આપવામાં આવી છે. જેથી આગામી દિવસોમાં આ કાર્યવાહી વધુ વેગવંતી બનશે.

# સોશિયલ મીડિયા રીલ્સ પર કોમેન્ટ બાબતે હુમલો

**અગાઉ પત્રકારની ઓળખ આપી બબાલ મચાવ્યાની ઘટના પણ ચર્ચામાં, ચાર સામે ફરિયાદ**

વાપી : વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મૂળ ઉત્તરપ્રદેશના અને હાલ વાપીના ગીતાનગરમાં રહેતા રાહુલ લાલચંદ ગુપ્તા (ઉં.૨૫) ભડકમોરા ખાતે પાનનો ગલ્લો ચલાવે છે. ગત ૨૯ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ વિનય પ્રજાપતિ નામના યુવકે ઈન્સ્ટાગ્રામ પર એક વિડિયો અપલોડ કર્યો હતો, જેના પર રાહુલે કોમેન્ટ કરી હતી કે બધા સંગઠનોને ખોટા ન કહી શકાય. આ બાબતે બંને વચ્ચે ફોન પર બોલાચાલી થઈ હતી અને બીજા દિવસે વિનયે રાહુલને તેની દુકાને બોલાવ્યો હતો.

જ્યારે રાહુલ ત્યાં પહોંચ્યો ત્યારે વિનય પ્રજાપતિ, માનવ મિશ્રા, મનોજ ચૌહાણ અને અંજની શર્મા હાજર હતા. વિનયે રીલ્સ પર કોમેન્ટ કરવા બાબતે ઉશ્કેરાઈને બોલાચાલી કરી ધાકધમકી આપી હતી, જ્યારે માનવે પાછળથી માથાના ભાગે માર માર્યો હતો.

આ સમગ્ર મામલે રાહુલ ગુપ્તાએ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ વાપીમાં એક મોબાઈલ શોપ પર ગ્રાહક અને પત્રકાર તરીકેની ઓળખ આપતા શખ્સો વચ્ચે મોબાઈલ બદલવા બાબતે ધક્કામુક્કી અને સામસામી પોલીસ ફરિયાદ નોંધાઈ ચૂકી છે.

# પારડીમાં હિટ એન્ડ રનમાં વાહન અડફેટે મોપેડ સવાર યુવકનું મોત

પારડી : જુજવા પાથરી ગામના દિપેશ પ્રજાપતિના ભાઈ મેહુલ પ્રજાપતિ ફોઈના પુત્ર ઈલેશ પ્રજાપતિ સાથે મોપેડ નં. GJ-15-DJ-5068 પર દમણથી પરત ફરતી વખતે પારડી ચાર રસ્તા નજીક હાઈવે પર પૂરઝડપે દોડી રહેલ અજાણ્યા વાહનની અડફેટે આવી ગયા હતાં. અકસ્મતમાં બંને ભાઈઓ રસ્તા પર પટકાતાં મેહુલને ગંભીર ઈજાઓ થતાં વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા તબીબે તેમને મૃત જાહેર કર્યા હતાં. અકસ્માતમાં ઈલેશભાઈને માથા સહિતની ઈજાઓ થઈ હતી. જેમને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે સુરતની કિરણ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. સમગ્ર મામલે વાહનચાલક વિરુદ્ધ કાર્યવાહી કરવા ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# ફણસામાં લૂંટ-કર્ણાટકમાં નેતાની હત્યાનો આરોપી ઝડપાયો

**નારોલ મરીન પોલીસ સ્ટેશનના ગુનામાં નાસતા ફરતા કુખ્યાત શખ્સને ઝડપી પાડી 5 દિવસના રિમાન્ડ મેળવાયા**

### કોન્ટ્રાક્ટ કિલિંગ મર્ડરના ગુનામાં પણ આરોપી વોન્ટેડ હતો

કર્ણાટકના મુદુરંગડી સેન્ટ ઝેવિયર્સ ચર્ચ કોંગ્રેસ નેતા ડેવિસ ડિસોઝા ચર્ચમાંથી બહાર નીકળતા અજાણ્યાઓ ફાયરિંગ કરી તેમની હત્યા કરી નાસી છૂટ્યા હતા. સીરવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કોન્ટ્રાક્ટ કિલિંગ મર્ડરના ગુનામાં આ આરોપી વોન્ટેડ હતો.

ઉમરગામ : વલસાડ એલસીબી પોલીસે ફણસા ગામે લૂંટ તેમજ કર્ણાટકમાં કોંગ્રેસ નેતાની હત્યાના વિપીન ઉર્ફે ગૌરવ પાઠક નામના વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો છે.

વલસાડ જિલ્લા પોલીસવડા યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ એલસીબી પીએઆઈ એ. યુ. રોઝ, પીએસઆઈ જે. જી. પરમારને બાતમી મળી હતી કે ફણસા ગામે ઘરમાં ઘૂસી પરિવારને બંધક બનાવી ૧,૫૨,૦૦૦ રૂપિયાની લૂંટ ચલાવી નાસી જનાર ગેંગનો મુખ્ય આરોપી વિપીન ઉર્ફે ગૌરવ પાઠક (ઉં.વ. ૨૭, રહે. નાલાસોપારા) ઉમરગામમાં છે. પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવી તેને ઝડપી પાડ્યો હતો.

આરોપીએ જણાવ્યું હતું કે તેણે પકડાયેલા તેમજ અન્ય આરોપીઓ અનુજ પટેલ, દિનેશ સોનકર, સંજય જૈન તથા અન્ય બે ઈસમો સાથે મળી કાર દ્વારા ભીલાડ હાઈવે પર આવી આરોપીઓ વિવેક આહીર તથા અનીમેશકુમાર સાથે મુલાકાત કરી હતી. ત્યારબાદ આ તમામ શખ્સોએ ફણસાના ઘરમાં લૂંટને અંજામ આપ્યો હતો. વલસાડ એલસીબી પોલીસે પકડાયેલા આરોપી વિપીન પાઠકને નારોલ મરીન પોલીસના હવાલે કર્યો હતો. પોલીસે કોર્ટમાં રજૂ કરી ૯ સપ્ટેમ્બર સુધીના પાંચ દિવસના રિમાન્ડ મેળવી આંતરરાજ્ય ગેંગના અન્ય સાગરીતોની તપાસ હાથ ધરી છે.

# વાપીમાં સગીરાને ગર્ભવતી બનાવનારને 20 વર્ષની કેદ

**પીડિતા અને નવજાત બાળકના પુનર્વસન માટે કુલ 10.50 લાખનું આર્થિક વળતર ચૂકવવાનો મહત્વપૂર્ણ આદેશ**

વલસાડ : વાપી ડુંગરા વિસ્તારમાં ૧૨ વર્ષીય સગીરા સાથે દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવી દેવાના ગંભીર કેસમાં વાપીની સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપી મુન્નાકુમાર સુરેશલાલ શ્રીવાસ્તવને દોષિત ઠેરવી ૨૦ વર્ષની સજા ફટકારી કોર્ટે ભોગ બનનાર કિશોરી અને તેના નવજાત બાળકના પુનર્વસન માટે કુલ રૂપિયા ૧૦.૫૦ લાખનું આર્થિક વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે.

વર્ષ ૨૦૨૪માં પાડોશી મુન્નાકુમાર શ્રીવાસ્તવે કિશોરીને પોતાના ઘરે બોલાવી શારીરિક અત્યાચાર ગુજાર્યો હતો. દુષ્કર્મ આચર્યા બાદ કિશોરીને ધમકી આપી હતી કે જો આ અંગે કોઈને જાણ કરશે તો તેને અને તેના સમગ્ર પરિવારને જાનથી મારી નાખશે. ધમકીથી ડરી ગયેલી કિશોરીએ પરિવારને કંઈ જણાવ્યું ન હતું. ત્યારબાદ કિશોરીને અચાનક પેટમાં અસહ્ય દુખાવો ઉપડતા પરિવારે તેને સારવાર અર્થે ચલા સીએચસી ખાતે ખસેડી હતી.

જ્યાં કિશોરીને ૮ માસનો ગર્ભ હોવાનું સામે આવતા પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા. પૂછપરછમાં સમગ્ર હકીકત સામે આવતા પરિવારે તાત્કાલિક ડુંગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. કિશોરીએ સારવાર દરમિયાન બાળકને જન્મ આપ્યો હતો. પોલીસે ગુનો નોંધી આરોપી મુન્નાકુમારની ધરપકડ કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી.

આ કેસ વાપી પોક્સો એક્ટ હેઠળના સ્પેશિયલ જજ ડૉ. એચ. એન. વકીલની કોર્ટમાં ચાલી જતાં, સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર અનિલ ત્રિપાઠીની દલીલો અને પુરાવાઓને ધ્યાને રાખી અદાલતે આરોપીને ૨૦ વર્ષની સખત કેદ અને દંડની સજા ફટકારી છે.

આ ઉપરાંત ધમકી આપવા બદલ સજા સંભળાવી તમામ સજાઓ એકસાથે ભોગવવાનો હુકમ કર્યો છે. પીડિત કિશોરીને રૂપિયા ૫ લાખ અને બાળકના ભરણપોષણ માટે રૂપિયા ૫.૫૦ લાખ મળી કુલ રૂપિયા ૧૦,૫૦,૦૦૦નું વળતર ચૂકવવા આદેશ કરાયો છે.

# ટાંકલમાં બોરવેલથી ઔદ્યોગિક પાણીના વેચાણ સામે કાર્યવાહી

**કોંગ્રેસ નેતાનો બોરવેલ સીલ કરાતા રાજકારણ ગરમાયું, એનઓસીની શરતોનો ભંગ થયાનું ખૂલ્યું**



ઘેજ : ચીખલી તાલુકાના ટાંકલમાં ખાનગી બોરવેલમાંથી ટેન્કર ભરી ઔદ્યોગિક હેતુ માટે કરાતુ પાણીનું વેચાણ બંધ કરાવવાની જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત બાદ આજે તંત્ર દ્વારા ટાંકલ ગામે બોરવેલને સીલ મારી દેવામાં આવ્યુ હતુ.

પ્રાપ્ત વિગત મુજબ તાલુકાના ટાંકલ ગામના અરજદાર ધર્મેશભાઈ ઈશ્વરભાઈ પટેલ દ્વારા ટાંકલ તથા આજુબાજુના ગામોમાં બોર તથા કૂવામાંથી પાણીના ટેન્કર ભરી ગેરકાયદે રીતે વેચાણ કરવામાં આવી રહ્યુ છે તે તાત્કાલિક બંધ કરાવવા રજૂઆત કરતા ગ્રામપંચાયત દ્વારા પાણીનું વેચાણ કરતા આનંદકુમાર નવીનચંદ્ર પટેલ નામના વ્યક્તિને ૧૪ જુલાઇના રોજ નોટિસ આપી પાણીનું વેચાણ બંધ કરવા નોટિસ આપવામાં આવતા જય અંબે વોટર સપ્લાયરના પ્રોપાઇટર તરીકે આનંદકુમાર દ્વારા ભારત સરકારના જળશક્તિ મંત્રાલય દ્વારા એનઓસી આપવામાં આવેલી હોવાનુ જણાવાયું હતું.

આ સાથે અરજદાર દ્વારા જિલ્લાના સ્વાગત કાર્યક્રમમાં પણ પ્રશ્ન રજૂ કરવામાં આવ્યા બાદ એનઓસીમાં આપવામાં આવેલી શરતોનું પાલન ન થતુ હોવાનું અને ઔદ્યોગિક એકમોમાં પાણી વેચાણ કરવાની કોઇ જોગવાઈ ન હોવાનુ બહાર આવતા આજે પાણી પુરવઠા, તાલુકા પંચાયત અને મામલતદાર કચેરીના અધિકારીઓ દ્વારા સ્થળ પર પહોંચી સરપંચ દિનેશભાઈ પટેલ સહિતનાની ઉપસ્થિતિમાં જે બોરવેલમાંથી પાણીના ટેન્કર ભરવામાં આવતા હતા તે બોરવેલને સીલ કરી દેવામાં આવ્યો હતો.

નોંધનીય છે કે જય અંબે વોટર સપ્લાયરનો પ્રોપાઇટર આનંદકુમાર પટેલ તાલુકા કોંગ્રેસનો પ્રમુખ હોવા સાથે તાલુકા પંચાયતનો સભ્ય પણ હોય બોરવેલ સીલ કરી દેવામાં આવતા રાજકારણ ગરમાવા પામ્યુ હતુ.

શું તમે આંતલિયાના નવા શોરૂમમાં પધાર્યા નથી ?
પ્લેન ગોલ્ડ જ્વેલરી મજુરી
નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ
બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ
House of Exclusive Collection
R.A. Parikh
Jewellers NX
5.9%
આજે રવિવારે શો-રૂમ ચાલુ રહેશે થી શરૂ
ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181
*શરતો લાગુ